583 ફતવા.

બીસ્મીલ્લાહ હીર રહમાન નીર રહીમ. ૧૨૬

સવાલ—ઉલમાએ દીન અને મુફ્તીઆને શરએનો નીચેના મસલા વીષે શું ? કદીમ (બાપદાદાથી ચાલી આવતા) મુસલમાનો જદીદ (નવા) મુસલમાનોને પોતાની મસજીદ વાથી રોકી શકે છે કે નહિ ? અને તેઓને રોકવાનો હક શરએ શરીફથી છે કે નહિ ?

જવાબ—કોઇ કદીમ મુસલમાનને જદીદ મુસલમાનને હાંકી કાઢવાનો કોઇ હક નથી કે મસજીદ એ એક વકફ મીલકીયત છે અને તેના પર કોઇનો કબજો થઈ શકતો નથી તેની સાબીત સુરજના જેવી રોશન છે.

قال الله تعالى انما المؤمنون اخوة . قول شاعر

ابي الاسلام لا اب لي سواه

اذا افتخروا بقيس او تميم

وجعلناكم شعوبا وقبائل لتعارفوا لا لتفاخروا بالانساب ... قرب النسب وبعده لا لتفاخروا بالانساب

من الخصلة التي بها يفتخر الانسان على غيره ويكتسب بها الشرف عند الله تعالى

وقال ان اكرمكم عند الله اتقاكم خازن ومدارك ... الرابع صفحه نمبر ١٨٤

فاذا نفخ في الصور فلا انساب بينهم يومئذ ولا يتساءلون

مدارك . ابن عباس صفحه نمبر ٢٩٢

૧ અલ્લાહ તઆલાએ તો સર્વે મુસલમાનોને એક બીજાના ભાઇ હોવાનું ફરમાન આપેલ છે.

૨ એક બાપની ઓલાદની સંખ્યા વધારે હોય છે છતા પણ અકલ પણ એ વાતને કબુલ નથી કરતી કે એક સંતાનપર બીજાને તે ફઝીલત આપે

આયત શરીફ અને શએરથી માલુમ પડે છે કે સર્વે મુસલમાનોનો બાપ તો મઝહબ ઇસ્લામ છે ભલે પછી તે મુસલીમ કદીમ હોય કે મુસ્લીમ જદીદ.

કારણો માટે જાહેરી વજુદો જે છે તેને પણ જરા સાંભળો. પહેલા કારણે માં માદ્દેહ બીન ફુવત છે અથવા અનસર બાંકી છે. અને મારી બીજા અનસરોના પ્રમાણમા શરાફતમાં ઓછી કારણોમાં માદ્દેહ ફાએલીમાં હોલાએ અને સુરત છે જેનું વીવેચન અમો શકલ અને સુબાહન કરીયે છીએ માદ્દેહ ફાએલીની ત્રણ હાલતો છે એક જાહેરી અને બે બાતીની જાહેરી જ્યારે પહોંચે છે ત્યારે તેની પાકીના માટે અલ્લાહ તઆલાએ પાણીને પવિત્રતનો સબબ બનાવેલ સર્વે દુનીયા માનવાને તઇયાર છે

બાતની નાપાકીનો એક પ્રકાર એવો છે કે જે હમેશ માટે છે મનુષ્યની તાકતથી તેની પાકી છે અને તેના માટે અને મારી બક્ષીસ છે જેવી રીતે કે —

[illegible]

પ્રકારની નાપાકી એતેકાદી છે અને તેની પાકીનો સબબ ફકત ઇસ્લામ છે જ્યારે માણસ ઇમાન લાવે છે ત્યારે તે પાક થઇ જાય છે અને જે ખુદાવંદ તઆલાના ફરમાનનો મોકુફે અલય છે. નર મુસ્લીમ ઇસ્લામથી મુશર્રફ થયા, પછી ભલે ભંગી હોય કે ચમાર ઇખ્વતે ઇસ્લામ અને મોમીનોનો ભાઇ થઇ જાય છે. જાહેરી નજાસતનો કોઇ વિશ્વાસ અકલ અથવા નકલથી રહેલ નથી. રસુલ સ. અ. વ એ પણ શરઇ નજાસતનો વધારે લેહાઝ રાખેલો છે અહિયાં ફકત એક બે દ્રષ્ટાંતોનું વર્ણન આપવામાં આવે છે

દહીયા કુલ્બી કે જે અલ્લાહતઆલા નાહીનના દુશ્મનોના સરદાર હતા જ્યારે તેઓએ હુઝુર સ. અ. વ ની ખીદમતનો શરફ હાંસલ કર્યો ત્યારે હઝુર સ. અ. વ. એ પોતાની ચાદર તેઓને બેસવા પાથરી આપી. તે ચાદરને દહીયા કુલ્બીએ આંખની સાથે લગાડતાં તેઓનું હૈયું ભરાઈ આવ્યુ અને આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. અને ઇસ્લામથી મુશર્રફબાદ થયા હુઝુર ઘણા ખુશ થયા અને તેઓને રોવાનું કારણ પુછ્યું. ત્યારે દહીયા કુલ્બીએ જવાબ આપ્યો કે હે રસુલીલ્લાહ અમોએ ૭૦ છોકરીઓને જીવતી કબરમાં પુરી દાટી છે.

હવે મને મારા તે અમલનો પશ્ચાતાપ (પસ્તાવો) થાય છે મારી બધી મીલ્કીયત ચાલી જાય જવામાં આવે એ પણ બધું મને મંજુર છે પણ મારા ગુન્હાની મન મારી મળે. એટલામાં

જીબરઈલ આવ્યા અને ફરમાવ્યું:—

ان الله يقرئك السلام و قل لهم الى صفوت لهم لا اله الا الله

ن ... و ... ت ... و ... ... ت

દ્રષ્ટાંત બીજો—

એક દીવસે એક નવ મુસલીમ ભાઈ મસ્જીદ કરીમમાં આવી પેશાબ કરવા લાગ્યો. માંથી ઘણાઓએ તેને ધમકાવ્યો જે પર હઝુર સ. અ. વ. સહાબીઓને તેને પેશાબથી રોક કરી જ્યારે નવ મુસ્લીમ પેશાબથી ફારેગ થઇ ગયો ત્યારે રસુલીલ્લાહે તેને નરમીથી સમજા કે મસ્જીદો ખુદાવંદતઆલાની ઇબાદત માટે બનાવવામાં આવેલ છે હવે એ વાતનો તમ રાખવો જોઇએ. આવા અનેક બનાવે હઝુર સ. અ. વ. ના વખતમાં બન્યા છે.

આવા અનેક દ્રષ્ટાંતો હોવા છતાં કોઈ મુસલમાન નવ મુસ્લીમને મસ્જીદમાં આવી બંદગીથી રોકે તો શું તે માણસ પોતાને મુસલમાન કહેરાવવાનો મુસ્તહીક ગણી શકે? શુ તે રસુલ સ. અ. વ. જેની શફાઅતનો ઉમેદવાર છે તેનાથી પણ પોતાને વધારે શરીફ માને છે? સ. અ. વ. મે તો નવ મુસ્લીમ કે જે ગલતીથી મસ્જીદમાં પેશાબ કરતો હતો તેને પણ પેશાબ ક વખતે મના ન કરી અને જ્યારે તે પેશાબ કરી રહયો ત્યારે તેને સમજુતી આપી. અહીયા તો ઉલટું જ માલમ પડે છે. નામના ઉમ્મતીઓ નવ મુસ્લીમોને મસ્જીદમાં રોકે છે શું આવા માણસ પોતાને ઉમતી કહેવરાવવા લાયક થઇ શકે છે? કદી નહિ શેખ સાદીએ ફરમાવ્યું છે કે:—

خلاف پیمبر کسی ره گزید — که هرگز بمنزل نخواهد رسید

કોઇ પણ માણસ પયગમ્બરે બતાવેલ રસ્તે નથી ચાલતો તે માણસ કદીપણ મનઝીલ પહોંચી શકતો નથી.

વિચાર કરતાં માલમ પડે છે કે એક મુસલમાનને બીજો મુસલમાન મસ્જીદમાં કેમ આવવા દેતો નથી કારણ ફકત એટલુ જ દેખવામાં આવે છે કે તે પોતાને નવ મુસ્લીમથી વધારે શરીફ માને છે. અને નવ મુસ્લીમને નીચ ગણી ... બાબતનું કારણ ફકત અમારી અજ્ઞાનતા છે ખુદાવંદ તઆલા મુસલમાનોને નેક હિદા... આમીન.

ઉપરના બનાવોથી અમોને સારી પેઠે માલુમ થઇ ગયું કે જાહેરી નસબની શરાફત કોઇ ચીઝ નથી. આટલી વાતો હોવા છતાં પણ અજ્ઞાનતાથી માણસો બાઝ ન આવે તો જાહેરમાં તેનો દાખલો અબ્દુલ્લાહ બીન ઉબેય મુનાફેકીનના સરદાર જેવો છે જેની ખબર ખુદાવંદતઆલાએ પોતાના પ્યારા નબીને સુરએ મુનાફીક મારફતે કરી છે.—

لئن رجعنا الى المدينة ليخرجن الاعز منها الاذل

અટલાથી પણ બસ થાય તો જુઓ આઠમાં સીપારામાં સુરએ અલ એરાફની શરૂઆતની આયતો:—

ولله العزة ولرسوله وللمؤمنين ولكن المنافقين لا يعلمون

قال ما منعك الا تسجد اذ امرتك

قال انا خير منه خلقتني من نار وخلقته من طين

لاملأن جهنم منك وممن تبعك منهم اجمعين .

ખુદાવંદે તઆલા આવા ઇનામથી કૌમેગોને બચાવે. હવે એવા માણસોને જોઇએ કે પોતાની દરગાહમાં પોતાની ભુલની માફી માગે અને પોતાની અણુ જેહલીયતને છોડી નવ ગ ને ગલે લગાડે નહિ તો તેઓની હરકતોનો ઇનામ અબ્દુલ્લાહ બીન અબી મુનાફેકીનના સરદ ાનને મળેલ છે તેથી પણ વધારે મળશે. શેતાનના તકબ્બુર માંહે અકલી વજેહ મોજુદ હતી ાગથી પેદા કરવામાં આવ્યો હતો અને આદમને માટીથી પેદા કરવામાં આવેલ હતા. આ રતાં અકકલની રૂએ વધારે શરીફ છે જ્યારે તેના (શેતાનના) તકબ્બુર પર તેને ખુદાએ અઝ .રગાહથી રાંઝાબ મલ્યા ત્યારે માટીથી પેદા કરેલ નારીથી બનેલના સાથે આવી વરતણુક : વધારે અઝાબ મલશે ઉપર લખ્યા મુજબ પાકી અને નાપાકોના સબબો અને સરવેનો બાપ એકજ છે જો કદી ફરક છે તો તે તકવાની સીફત છે

اللهم اهدنا سواء السبيل وآخر [illegible] العالمين وما علينا الا البلاغ المبين اعلم

وعلمه اتم واحكم [illegible]

(સહી) સૈયદ મોલાના મોલવી સઇયદશાહ સાહેબ

પેશ ઇમામ મસ્જીદ શેઠ અબ્દુલ્લાહ સાણુઆણી જોડીઆ બજાર—કરાચી.

Printed by Shaikh Abdus Salam Udharam at the Alwahid Printing Press 429 McLeod Roa Karachi. and Published by Ismailshah Usmanshah Cutch Mundra.